**<u>માંગરોળના મુખ્ય સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.–માંગરોળ</u>**

**<u>ક્રીમીનલ કેસ નંબર–૪૯૮/૨૦૨૦</u>**
**<u>આંક–૦૫</u>**

**ફરીયાદી –** **શ્રી સરકાર**

**(માંગરોળ પો.સ્ટે.ગુ.રજી.નંબર–૧૧૨૦૩૦૩૮૨૦૦૦૯૮/૨૦૨૦)**

**વિરુધ્ધ**

**આરોપી –** **જગદીશભાઇ ગોવિંદભાઇ સોલંકી જાતે વણકર વિ.૨,**
**ઉ.વ.–૩૯,રહે–જુના કોટડા,તા.–માંગરોળ,જી.–જુનાગઢ**

**<u>ગુનો – ઇ.પી.કો. એકટની કલમ–૧૬૦ મુજબ</u>**

## <u>ઠ રા વ</u>

૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદની વિગતે જણાવેલ તારીખે સમયે અને સ્થળે ગુનો કરેલ હોય આરોપીઓ સામે ઇ.પી.કો. એક્ટની કલમ–૧૬૦ની જોગવાઇ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨) આરોપીઓ આજરોજ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાની પુરસીસ આંક –૦૨ થી રજુ કરેલી છે તથા આરોપીઓની આંક–૩ થી ૪ સુધી પ્લી લઇ આરોપીઓને ગુનાની હકીકતો વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ તેમનો ગુનો કબુલ છે તેમ જણાવેલુ છે. આરોપીઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ નહી માનવા માટે કોઇ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેને સજા બાબતે પુછતા આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે. પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. જે તમામ સંજોગો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

૧) આ કામના આરોપીઓને ક્રીમીનીલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે ઇ.પી.કો. એક્ટની કલમ ૧૬૦ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રુ.–૧૦૦/– મળી કુલ રુ.–૨૦૦(અંકે રુ. બસ્સો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો દીન – ૦૧ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૮મી,માહે–જુલાઇ,સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ–માંગરોળ**
**તારીખ–૧૮/૦૭/૨૦૨૨**

(ચંગીઝ મસવર રાઠોડ)
**જયુડી.મેજી.ફ.ક.,માગરોળ**
**Judge code-GJ01238**